## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

સ્વપ્ન ક્યાં મોટા ગજાનું જોઇએ ?
જીવવા માટે બહાનું જોઇએ !

- ચિનુ મોદી

### પાથેય

- રમેશ ઠક્કર

## કરામત અને શરાફત શબ્દની..!

આ કવિઓ પણ જબરા હોય છે. શબ્દોને એ બાળકની માફક લાડ લડાવે છે..યુવાનની માફક બિરદાવે છે..પ્રૌઢ વ્યકિતની માફક સરાહના કરે છે..વૃધ્ધની માફક ઠરેલપણું દાખવે છે..શબ્દોની કરામત હોય છે એમ એની શરાફત પણ હોય છે..એકાદ ઝલક માણીએ ?

'જીવનરસ તો છીંક ખાતી વખતે પણ પ્રકટ થાય છે અને રતુમડા ગાજરને કેડકેડ ખાતી વખતે પણ થાય છે..એક એક ખાવાની ચીજ ઉપર,પીવાની ચીજ ઉપર, કાવ્ય લખવું છે..એક અર્ધા સુકાયેલા પાંદડા ઉપર કવિતા લખવી છે..'

- લા.ઠા.

અપેક્ષારહિત સંબંધ બાંધનારા મને મળ્યા નથી અને એટલે હું ગઝલ લખ્યા જ કરીશ..અપેક્ષારહિત સ્નેહ પામનારાઓને,કદાચ ગઝલ ના લખવી પડે..અથવા અપેક્ષારહિત સ્નેહ આપનાર હોય જ નહીં,એમ માનનારને પણ ગઝલ ન લખવી પડે.હું આ બેમાંથી એકેય શ્રેણીમાં નથી,એટલે મારે ગઝલ લખવી જ રહી..'

- ચિનુ મોદી 'ઈર્શાદ'

'સર્જકનું ચિત્ત વિશેષ દ્રવ્ય છે, તે પોતાના અને બીજાના અનુભવોને તીવ્ર સજાગતાથી છેક તળિયા સુધી ગ્રહણ કરી શકે છે. અને તે અનુભવનું મધુરસમાં પરિવર્તન પણ કરી શકે છે..'

- 'દર્શક'

'કોક છીપમાં બેઠી બેઠી ઝરે સુંદરતા !

- રઘુવીર ચૌધરી.

વતન વિચ્છેદની કૃતિએ મારી કવિતાને એનું અસલ વતન આપ્યું..'અસલ' વતન એટલે પ્રકૃતિ,અદિમતા ને અસલિયતની ભોંય..કવિતામાં વતન ભણી જવું એટલે, આપણા મૂળમાં જવું..'

- જયન્ત પાઠક

'એકલા-એકલા મનમાં લેખક નથી થવાતું,કોઈ એ રીતે ઓળખે તો જ થવાય છે...'

- દિગીશ મહેતા.

'મને બંન્ને ખેંચે પ્રણય : રમણીનો,પૃથિવીનો...'

- ઉશનસ્

'કવિ પોતાનાં રોદણાં રડી શકે છે એકલોએકલો.સેકસની ભાષામાં કહીએ તો રતિ કર્યા કરે ,ક્રીડા ન કરી શકે.એક આખી પ્રજાની વેદનાને વાચા આપનારો ગુજરાતી કવિ આવતી પેઢીમાં કદાચ પેદા થશે...'

- ચંદ્રકાંત બક્ષી.

'મારી આંખમાં રણ સળગ્યા કરે છે..'

- વીનેશ અંતાણી.

શબ્દોના દેશમાં જ સમય આથમી ગયો,
જોયું કિતાબ બહાર તો સૂરજ ઉગી ગયો'.

- હરીન્દ્ર દવે

'શબ્દની આરપાર જીવ્યો છું,
હું બહુ ધારદાર જીવ્યો છું'

કોઈ પણ કાવ્યપ્રકારને કદી અલ્પ કે તુચ્છ માન્યો નથી.અગિયારમો ખેલાડી જેમ શતક કરી શકે છે.તેમ એક નાનેરો સાચુકલો કવિ, મહાકાવ્ય લખી શકે છે તેમ મેં હંમેશાં માન્યું છે...

-'ઘાયલ'

લેખનને અણધારી રીતે મેં સાપને દોરડું સમજીને પકડી લીધેલું..એ પછી ભણેલી દુનિયાનો અને વિદ્વાનોનો આવકાર-અહોભાવ જોવા મળ્યો. ને એ પછી જ મને ખબર પડી કે એ દોરડું નથી, પણ આતો છે સાચુકલો સાપ,બલકે ફૂંફાડા મારતો ભોરિંગ જ છે..'

- પન્નાલાલ પટેલ.

# યુક્રેનનો નરસંહાર ઘણા અર્થ સંકેતો સર્જશે

**તંત્રીસ્થાનેથી...**

યુક્રેન અને રશિયાની સૈન્ય શક્તિની સરખામણી જ ન થઈ શકે તેમ છતાં યુક્રેન જબરદસ્ત મનોબળ સાથે પ્રચંડ રશિયન આક્રમણ સામે ઝઝૂમી રહ્યું છે તે વિશ્વના ઈતિહાસની એક યાદગાર ઘટના બની રહેશે. યુક્રેનના રશિયા વિરોધી અભિગમને કારણે જ રશિયાના મહત્ત્વાકાંક્ષી રાષ્ટ્રપતિ વ્યાલિદમીર પુતિને આવો આક્રમક નિર્ણય કરવો પડ્યો છે એ તો સર્વવિદિત છે. સોવિયેત સંઘમાંથી જુદા પડેલા યુક્રેન પર અમેરિકા-યુરોપનો વિશેષ પ્રભાવ રહે અને કાળક્રમે એ 'નાટો' સાથે સંકળાઈ પોતાની સરહદો પર જોખમ ઊભું કરે તે પહેલાં એને પોતાનું ખંડિયું રાષ્ટ્ર બનાવી દેવાની કૂટનીતિ સાથે રશિયાએ દુનિયાભરની નારાજગી વહોરીને આ પૂર્ણકક્ષાનું યુદ્ધ શરૂ કર્યું છે. રશિયા ધારે તો કલાકોમાં યુક્રેનના ભુક્કા બોલાવી શકે પરંતુ એનેય ખબર છે કે એવો અંતિમવાદી નિર્ણય એનો આખી દુનિયાની સૌથી નિંદાસ્પદ રાષ્ટ્ર બનાવી શકે એમ છે. અત્યારે હજી અમેરિકા-યુરોપ-બ્રાઝીલ સહિતના દેશોએ ફક્ત આર્થિક પ્રતિબંધો લાદીને અટકાવાનું પસંદ કર્યું છે. બનવાજોગ કે રશિયા એની અણુશક્તિનો પ્રયોગ કરશે તો અમેરિકા ચૂપ નહીં રહે. 'નાટો' એ તો ધમકી આપી જ રાખી છે કે એની સેના પાસે રશિયાં કરતાં વધુ અણુશક્તિ છે. યુક્રેનના હાસ્ય કલાકાર વડાપ્રધાને સપનામાં પણ નહીં વિચાર્યું હોય કે એમને જેમના ખોળામાં બેઠા છે એ અમેરિકા-યુરોપ-નાટોની સૈન્ય મદદ નહીં મળે અને પોતાના રાષ્ટ્રને પોતાના નશીબ પર છોડી દેવામાં આવશે. રાષ્ટ્રપતિ / વડાપ્રધાન ઝેલન્સ્કીને યુક્રેન છોડી દેવાની અને સલામત આશ્રય આપવાની દરખાસ્ત કરનારા યુક્રેનના શુભેચ્છકોને એ બહાદુર નેતાએ જડબાતોડ જવાબ આપી ચૂપ કરી દીધા છે. એણે પ્રજાને યુદ્ધ મેદાનમાં ઉતારી દીધી છે અને પોતે છેલ્લા શ્વાસ સુધી યુક્રેનમાં જ રહેશે એવી જાહેરાત કરી છે. પ્રજાના ખમીરની દષ્ટિએ યુક્રેન એકવીસમી સદીના લોકશાહી દેશો માટે રોલ મોડેલ બની રહ્યું છે. સ્ત્રીઓએ હથિયાર ઉઠાવ્યાં છે. ભારે જાનહાનિ અને સૈન્ય મથકોનો વિનાશ છતાં યુક્રેનની સરકાર એવો જ દાવો કરતી રહી છે કે એના જૂન માણસોએ જીવ ગુમાવ્યો છે જયારે સામા પક્ષે ભારે ખુવારી થઈ છે. પુતિન માટે વિજય સિવાયનો વિકલ્પ સ્વીકાર્ય બની શકે એમ નથી. હવે પલાળ્યું છે એટલે મૂંડ્યે જ છૂટકો છે. યુક્રેનની પ્રજા પણ આ ખુમારી અને ખુદ્દારી સાથે શહીદી વહોરવા તૈયાર બેઠી છે. રશિયાએ સિવિલયન સ્થાનો પર હુમલા કરવાની તૈયારી કરી હશે તો એ દુનિયામાં થૂ-થૂ થઈ જશે અને એની નરસંહાર પ્રવૃત્તિ સામે મૂંગા બેસી રહેનારા વિશ્વનેતાઓ પણ લોકનજરે નીચા ઊતરી જશે એમાં શંકાને સ્થાન નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી જેવા નતાઓ માટે અને મહાસત્તા તરીકે પ્રસ્થાપિત થઈ ચૂકેલ ચીની શાહુકાર માટે પણ યુક્રેનનો નરસંહાર નામોશી જ નોતરશે.

## દિન મહિમા

- ડો. રાજેન્દ્ર પ્રસાદની પુણ્યતિથિ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ
- રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ - સી.વી. રામને કરેલી રામન ઈફેક્ટની શોધમાં માનમાં આ દિવસ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ તરીકે ઉજવાય છે.

## આજનું ઔષધ

- લીંબુમાં વીટામીન-સી હોવાથી દાંતના પેઢામાંથી લોહી નીકળતું હોય તો નવશેકા પાણીમાં લીંબુ પીવાથી મટે છે.

## ખડખડાટ

- મોટા બોર ખાતી વખતે બટકુ ભરીયે અને ઈયળ દેખાય જાય તો કઈ વાંધો નહીં પણ ઈયળ અડધી દેખાય ત્યારે દુ:ખ થાય....!

## આજનો વોટ્સએપ

- જીવનમાં સંબંધોનો અહેસાસ થવો જોઈએ અફસોસ નહીં.

# અમેરિકા છોડી ગુજરાતમાં ગરીબો માટે કામ કરતા વિરેનભાઈ જોશીનું જીવન રસપ્રદ અને પ્રેરક છે




ગુજરાતની ભૂમિ ઘસાઈને ઉજળા થનારા લોકોની ભૂમિ છે. અહીં તેમને અનેક એવા લોકો મળશે જે બીજા માટે જીવે છે. તેઓ સમાજ માટે સતત કામ કરતા જ રહે છે. વિરેનભાઈ જોશી પણ એવી જ એક વ્યક્તિ છે. તેમણે સેવા કરવાનો ભેખ લીધો છે. અમદાવાદના જાણીતા ગાંધી આશ્રમના પરિસરમાં માનવ સાધના નામની સંસ્થા આવેલી છે. આ સંસ્થાના નેજા હેઠળ વિરેનભાઈ વર્ષોથી ગરીબો, શોષિતો અને છેવાડાના લોકો માટે અનેક પ્રવૃત્તિઓ કરી રહ્યા છે.

મૂળ તેઓ અમદાવાદના. સ્વાભિમાન અને મહેનતની મૂડીના બળે તેઓ ૧૯૮૨માં ઉચ્ચ શિક્ષણ માટે શિકાગો ગયા હતા. અમદાવાદમાં જન્મ અને શિક્ષણ પણ અહીં જ. ખૂબ જ મધ્યમ વર્ગના પરિવારમાં તેમનું બાળપણ વીત્યું હતું. તેમના પિતાએ દેશને જીવન સમર્પિત કરેલું. તેઓ દેશ માટે જીવતા એટલે ઘરમાં આર્થિક સંકડામણ ઘણી રહેતી. વિરેનભાઈએ મશીનરી કોમ્પોનન્ટ વિષયમાં એન્જિનિયરિંગ કર્યું. ખૂબ નાના કામથી અમેરિકામાં કારકિર્દી શરૂ કરી. તનતોડ મહેનત કરી એટલે સારી કંપનીમાં મેનેજરની પોસ્ટ મળી ગઈ. પછી તો માસ્ટર ડિગ્રી પણ કરી. એક બાજુ અમેરિકાની ભવ્યતા અને ઝાકમઝોળ હતી તો બીજી બાજુ સેવા કરવાનો ભાવ હતો. અમેરિકામાં રહેતા યુવાનોને આગળ વધવાનાં, વિકાસ કરવાનાં, વધારે પૈસા કમાવવાનાં સપનાં આવે, આપણા વિરેનભાઈને ઝુંપડપટ્ટીનાં બાળકો સપનાંમાં આવતાં. તેમને થતું કે હું કંઈ રીતે બાળકોને સારું ભોજન આપું, તેમને ભણાવું, તેમનાં તમામ સપનાં પૂરાં કરું.

છેવટે રહી ના શક્યા એટલે ૧૯૮૯માં ૨૮ હજાર ડોલરની બચત લઈને તેમણે અમેરિકા છોડી દીધું. ૩૩ વર્ષથી તેઓ સમાજસેવા કરી રહ્યા છે. પ્રારંભમાં તો દરરોજ સવારે ખભા પર સીંગચણા ભરેલા થેલા લઈને નીકળી પડતા. ગરીબોને મળતા અને આપતા.

ખુલ્લામાં જેમનું ઘર છે અને આકાશ જેમની છત છે તેવા બાળકોને મળવા તેમણે સાઈકલની સવારી પસંદ કરી હતી. બાળકોને મળતા. તેમને પ્રેમ કરતા. તેમના સપનાં જોતા. તેમને જમાડતા અને ભણાવતા.

તેઓ ગાંધી આશ્રમના શુચીતાકર્મી ઈશ્વરભાઈ પટેલને મળ્યા. પછી તો વિરેનભાઈ તેમની સાથે ગુજરાતનાં અનેક ગામો ફર્યા. સ્વચ્છતા, શિક્ષણ, જાગૃતિ, શૌચાલય વગેરે જેવી પ્રવૃત્તિ ત્રણ વર્ષ કરી. એ વખતે તેઓ ઈશ્વરભાઈના પુત્ર જયેશભાઈ પટેલ અને પુત્રવધૂ અનારબહેન પટેલ સાથે સંપર્કમાં આવ્યા અને ત્રણેય સાથે મળીને ઝુંપડપટ્ટીના બાળકો માટે પ્રવૃત્તિઓ શરૂ કરી.



ગાંધી આશ્રમમાં પરિક્ષિતલાલ આશ્રમ શાળા આવેલી છે. તે જર્જરિત હતી. પોતાની બચત વાપરીને તેને સરસ કરી. પછી તો બાળકોને બોલાવતા ગયા અને તેમનો ઉત્કર્ષ કરતા ગયા. ૧૯૯૩માં અમેરિકામાં અને ૯૪માં અમદાવાદમાં માનવ સાધના નામની સંસ્થા સ્થાપી. તેમની કંપનીના માલિકે વિરેનભાઈને કહ્યું કે, છ મહિના નોકરી કરો અને છ મહિના તમારા દેશમાં કામ કરો.

આજે તો તેમનો સેવાનો યજ્ઞ ખૂબ વિસ્તર્યો છે. દરરોજ ૧૧ હજારથી વધારે બાળકો, બહેનો, વૃધ્ધો, યુવાનો સુધી આ સંસ્થા પહોંચી છે. બાળકો માટે શિક્ષણ જ નહીં, આરોગ્ય, આહાર, પોષણ, રમત, સંગીત, નૃત્ય, વિવિધ કલાઓ અને કોમ્પ્યુટર શિક્ષણની પણ વ્યવસ્થા કરી છે. ૨૦૦થી વધુ બહેનોને રોજગારી અપાય છે. સોથી વધુ આંગણવાડીમાં ૨ હજારથી વધુ દીકરીઓને સાચવવામાં આવે છે. દરરોજ છ હજારથી વધારે બાળકોને ભોજન પીરસવામાં આવે છે.

વિરેનભાઈ ખરેખર ગુજરાતનું જ નહીં, સમગ્ર માનવતાનું ગૌરવ છે. ગઈકાલે અમદાવાદમાં ગ્લોબલ ગુજરાતી ફેડરેશન તરફથી યોજાયેલા સમારંભમાં તેમને સેલ્યૂટ ઈન્ડિયા એનઆરઆઈ એવોર્ડ એનાયત કરાયો. ખરેખર વિરેનભાઈના રસપ્રદ જીવનમાંથી અનેક લોકો પ્રેરણા લઈ શકે.

# ખુદને ખુદથી એમ અલગ કર; સ્હેજ અમસ્તું રહે ન અંતર, જોજન ઈચ્છાઓને તેડી, બોલો ક્યારે પ્હોચાયું ઘર!




If home's where my heart is then
I'm out of place.

આજના અતિઆધુનિક અને હાઈટેક એવા યુગમાં ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયાને કારણે આખું વિશ્વ જાણે આપણા હાથમાં રહેલા મોબાઈલમાં સમાઈ ગયું હોય તેમ લાગે છે. આજે સુખ-સગવડો અને સુવિધાઓની બાબતમાં આપણે ખૂબ આગળ વધી ગયા છીએ પણ કોણ જાણે આ બાહ્ય ખુશી અને આડંબર વચ્ચે આપણો અંતરઆત્મા કોચવાઈ રહ્યો હોય કે તેનો અવાજ દબાઈ જતો હોય તેમ જણાય છે. વિદેશોમાં જઈને ભણવું, વિદેશમાં જ સેટલ થઈને રહેવું એ ટ્રેન્ડ અત્યારે ખાસ્સો પ્રચલિત બન્યો છે. અતિ મહત્ત્વાકાંક્ષાઓના બોજ હેઠળ વ્યક્તિ કયારે પોતાના મનને મારતા શીખી જાય છે તેનો અહેસાસ તેને પોતાને પણ નથી રહેતો. પણ આપણે ભારતીય લોકો સ્વભાવે થોડા વધુ લાગણીશીલ છીએ માટે આત્માના આર્તનાદને ઓળખી કાઢીએ છીએ. આપણા મનનો ઉચાટ કદાચ બહાર ન આવવા દઈએ પણ આપણા મનમાં એક રંજ હંમેશા રહ્યા કરે. વિદેશમાં વસવાટ કરવા છતાં વતનની માટી, એની મહેક, જયાં ઉછર્યા, જયાં ભણ્યા અને જે ગલી-મહોલ્લામાં બાળપણ વિતાવ્યું એ તમામ બાબતો મનના એક ખૂણામાં સરસ રીતે ગોઠવીને મૂકી રાખીએ છીએ અને જયારે એકલા પડીએ કે થોડો સમય જાત સાથે વિતાવવાનો અવસર મળે એટલે તરત વિદેશમાં વસતો એ ભારતીય ચૂપચાપ પોતાના વતનના શહેરની ગલીઓમાં માનસિક રીતે સફર કરવા લાગે છે.

આપણે હંમેશા વડીલોને કહેતાં સાંભળ્યા છે કે, ''દુનિયાનો છેડો ઘર.'' ''ઘર એ એક એવું સ્થળ હોય છે કે જયાં માનવીનું મન એનું હૈયું વસેલું છે. એ ઘરની દિવાલો, ફર્નિચર અને બારી-બારણા સાથે પણ એક અનોખો સંવેદનાનો ઋણાનુબંધ બંધાયેલો હોય છે. ભણવા માટે, કરિયર માટે કે જીવનસાથી માટે વ્યક્તિ જયારે પોતાનું ઘર, પરિવાર કે દેશ છોડીને જાય ત્યારે તે નાનામાં નાની વસ્તુ યાદ કરીને સાથે લઈ જવાની તમામ વસ્તુઓનું લિસ્ટ બનાવે છે. ત્યાં કામ લાગે એવી એ બધીયે વસ્તુઓને પેક કરીને એરપોર્ટ પર ફલાઈની પ્રતિક્ષા સમયે જયારે તે વેઈટીંગ લોન્જમાં બેસે ત્યારે તેને એ અહેસાસ થાય છે કે જોડે લીધેલા સામાનમાં બધું જ છે પણ તેનું મન, તેનું હૃદય; તેનું દિલ પાછળ ઘરે જ છૂટી ગયું છે. મમ્મી, પપ્પા, ફ્રેસર્કલ એ બધી મોજમસ્તી તો યાદ કરતાં તેના સ્મૃતિપટ પર આવી શકે પણ જે મન ઘરે રહી ગયું છે તે તો કયારેય તેને પાછું મળી શકતું નથી. ગમે તેટલી આલિશાન અને ભવ્ય ઈમારતોમાં રહેવા છતાં વતનના ઘરનો એ ખૂણો એને મન હંમેશા સૌથી વધુ comfortable સ્થળ રહેતું હોય છે.

સ્ત્રી જયારે પરણીને સાસરે જાય ત્યારે એક સાવ અજાણ્યા ઘરમાં અને અજાણ્યા લોકોમાં તેને સ્થાન મેળવવાનું હોય છે પરંતુ, સ્ત્રીઓને જન્મજાત આ પ્રકારનું adjustment કરવાનું વરદાન મળેલું હોય છે.

જયારે પુરુષ માટે ઘર-પરિવાર અને વતનને છોડવું ખૂબ અઘરું હોય છે. સ્ત્રીઓની માફક તેઓ રડીને પોતાની લાગણીઓ પ્રદર્શિત કરવામાં થોડો ક્ષોભ-સંકોચ અનુભવે છે પણ મનમાં ચાલી રહેલા વિચારોના ઝંઝાવાત સામે ઝઝૂમવું તેમના માટે અઘરું હોય છે. આપણે ત્યાં વિદેશ જનારા લોકોને શુભકામનાઓ પાઠવવાની અને તેમને ભાવપૂર્વક વિદાય આપવાની એક પ્રથા છે. માટે જવાના થોડા દિવસો પૂર્વેથી જ આ પ્રકારના માહોલને કારણે તેમ જ પેકીંગથી લઈને અન્ય બાબતોમાં વ્યસ્ત હોવાને કારણે જનાર વ્યક્તિ થોડા સમય માટે વતનને છોડીને જવાના પોતાના દુ:ખને ભૂલી તો જાય પરંતુ, એરપોર્ટ પહોંચીને ચેક-ઈન કરવાની સાથે જ તેનું હૈયું ભરાઈ આવે છે. એરપોર્ટ પર આપણે પણ કોઈને લેવા-મૂકવા જઈએ ત્યારે દરેકની ભીની આંખોમાં એક મૂંગો પ્રશ્ન હોય છે કે,

''શીતળતા પામવાને માનવી, તું
દોટ કાં મૂકે?
જે માની ગોદમાં છે તે
હિમાલયમાં નથી હોતી.''

- સુરેન ઠાકર ''મેહુલ'

જો કે, જીવનમાં આગળ વધવા, પ્રગતિ કરવા કે કંઈક પામવા માટે કયારેય પોતાનો comfort Zone છોડીને વિદેશમાં રહેવું અનિવાર્ય હોય છે. જીવન એ આગળ વધવાનું, પ્રગતિ કરવાનું અને કંઈક હાંસિલ કરવાનું જ નામ છે. માટે હિંમત અને સાહસપૂર્વક નવયુવાનો વિદેશમાં ભણવા માટે કે કમાવા માટે જાય તે આવકાર્ય બાબત ગણાય પણ આ સમયે તેમના મનમાં ચાલતી અવઢવ, મૂંઝવણ કે તકલીફોને સમજીને આપણે તેમાં શક્ય હોય તે રીતે તેમને પ્રોત્સાહિત કરીએ તો વિદેશમાં જઈને હતાશ, નિરાશ થવાની ક્ષણને નિવારી શકાય. ઘણીવાર પોતાનું સર્વસ્વ છોડીને, મસમોટું આર્થિક રોકાણ કરનારા યુવાનો વિદેશમાં નિષ્ફળ થાય કે આડા-અવળા રસ્તે ચડી જાય છે અથવા તો નિરાશા અને હતાશાની ઊંડી ખાઈ તરફ ધકેલાઈ જાય છે. આવા સમયે તેમણે માત્ર એટલું જ વિચારવાનું હોય છે કે, જીવનથી મોટું અને જિંદગીથી વધુ મહત્ત્વપૂર્ણ બીજું કંઈ જ નથી. વતનમાં પરત ફરીને કે માતાપિતા અને મિત્રો સાથે નિખાલસપણે મુક્ત મને ચર્ચા કરીને એક નવી શરુઆત કરવાનો વિકલ્પ હંમેશા ખુલ્લો જ રહેતો હોય છે. તે જ રીતે વિદેશમાં ધારી સફળતા મેળવી પણ લઈએ ત્યારે આપણા મનને જયાં સાચવીને મૂકી ગયા હોઈએ તે ધરતી અને ઘરે પાછા ફરવામાં ક્યારેય કોઈ નાનમ હોઈ શકે જ નહિ. જીવનમાં સૌથી વધુ મહત્ત્વની બાબત છે મનની શાંતિ અને આત્માનો સંતોષ. જે માત્ર અને માત્ર પોતાના ઘરે પરત ફરીને જ મેળવી શકાય માટે 'out of place' જીવન જીવીને થાકી ગયા હોય તો ઘરે પરત ફરી જાઓ. ઘર અને દેશ આજે પણ તમને આવકારવા માટે આતુર છે.

ખુદને ખુદથી એમ અલગ કર;
સ્હેજ અમસ્તું રહે ન અંતર.
જોજન ઈચ્છાઓને તેડી,
બોલો ક્યારે પ્હોચાયું ઘર !

- હરદ્વાર ગોસ્વામી

- nehalgadhavi101@gmail.com

# સંવિધાનમાં લઘુમતી શબ્દની કોઈ જ વ્યાખ્યા કરવામાં આવેલ નથી




ભારતમાં વસવાટ કરતી ધાર્મિક લઘુમતીને તેના ભાષાકિય, ધાર્મિક અને સંસ્કૃતિક વારસા અને સંસ્કારોનું જતન કરવાના હક્કની ખાતરી બંધારણની કલમ-૨૯ માં આપવામાં આવી છે. આ જોગવાઈ બીન-સાંપ્રદાયીકતાને તેની મહત્તમ વ્યાપ સુધી વિસ્તારે છે એટલે બીન-સાંપ્રદાયીક એ માત્ર ધર્મ, સંસ્કૃતિ સંદર્ભમાં જ નહિ, પરંતુ વિવિધ ધાર્મિક સમુદાય, ભાષા, સંસ્કૃતિ અને વારસા જેવી આનુસંગીક બાબતોમાં પણ સ્પર્શે છે. કલમ-૨૯(૨) ની જોગવાઈઓનો અર્થ એ છે કે, રાજય દ્વારા તેની સહાયથી ચાલતી કોઈપણ સંસ્થામાં કોઈપણ વ્યક્તિને માત્ર ધર્મ, પ્રદેશ, જાતિ, જ્ઞાતિ કે ભાષાના આધારે પ્રવેશથી વંચીત રાખશે નહિ. નાગરિકોને તેનો ભાષાકિય વારસો જાળવવાના હક્કમાં આંદોલન કરવાનો હક્ક છે. જે બંધારણની કલમ-૧૨૩(૩) ના ભંગ સમાન નથી તેવું સર્વોચ્ચ અદાલત ૧૯૬૫માં ઠરાવે છે.

ભારતમાં સરકારી મદદથી ચાલતી કોઈપણ ધાર્મિક, શૈક્ષણિક સંસ્થાઓમાં જાતિ, જ્ઞાતિ, ભાષા કે ધર્મના આધારે પ્રવેશનો નિષેધ કરવા ઉપર બંધારણની કલમ-૨૯(૨) મુજબ પ્રતિબંધ છે.

બંધારણની કલમ-૧૫(૧) ભારતના તમામ નાગરિકોને રાજય દ્વારા ભેદભાવ સામે રક્ષણ આપે છે. જયારે કલમ-૨૯(૨) ની જોગવાઈ મુજબ રાજય કે અન્ય કોઈ સંસ્થાની સામે પણ હક્ક ઉભો કરે છે, બંધારણની કલમ-૧૫ તમામ નાગરિકોને સામાન્ય ભેદભાવ સામે રક્ષણ આપે છે. જન્મ, સ્થળ, જાતિ અને લીંગનો ઉલ્લેખ કલમ-૨૯(૨) માં કરવામાં આવેલ નથી. જયારે ભાષાનો ઉલ્લેખ કલમ-૧૫ માં કરવામાં આવ્યો નથી, તેથી કલમ-૨૯(૨) ની જોગવાઈ સ્ત્રીઓને શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ આપવા બાબતે કોઈ જોગવાઈ કરતો નથી, તેથી સ્ત્રીઓને કોલેજમાં પ્રવેશ આપવાની બાબત કોલેજ સંસ્થાના સત્તાવાળાના નિયમો ઉપર આધારિત છે. શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશનો હક્ક નાગરિકી હક્ક છે. કોઈ જ્ઞાતિ કે વર્ગના નાગરિક તરીકેનો હક્ક નથી. આવા સંજોગોમાં લઘુમતી દ્વારા ચલાવવામાં આવતી અને રાજયની સહાયથી ચાલતી શાળામાં અન્ય વર્ગના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની ના કહી શકાય નહિ, તેવું અદાલતે ૧૯૯૨ માં ઠરાવ્યું છે. લઘુમતી દ્વારા ચલાવવામાં આવતી સંસ્થા રાજયની સહાયથી ચાલતી હોય તો પણ તેના વર્ગના બાળકો માટે ૫૦ ટકા સુધીની જગ્યા અનામત રાખી શકે છે. જો કે, લઘુમતી દ્વારા ચલાવવામાં આવતી કોલેજમાં અન્ય વર્ગના સભ્યને તેઓનો ધર્મ પાળવા, આચારવા માટે પ્રચાર કે પ્રસાર કરવાનો હક્ક મળતો નથી, તેમજ જોગવાઈ મુજબ પ્રવેશ માટે નિયત કરેલ લાયકાત ન ધરાવનારને પણ પ્રવેશ આપી શકાય નહી, ગેર-શિસ્તના કારણે વિદ્યાર્થીને શાળામાંથી દુર કરેલ હોય તો બંધારણની કલમ ૨૯-(૨) મુજબનું રક્ષણ મળી શકે નહી. બંધારણની કલમ-૧૫ અને ૨૯(૨) વચ્ચે કોઈપણ પ્રકારે મતભેદ ન ઉદ્દભવે તે હેતુથી કલમ-૧૫ માં પ્રથમ સુધારો ૧૯૫૧ થી કલોઝ ૪ માં ઉમેરવામાં આવેલ છે. જે મુજબ રાજયને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત લોકો અથવા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે ખાસ જોગવાઈ કરતા અટકાવી શકાશે નહિ. લઘુમતીની ઓળખ રાજયને આધારે કરવી જોઈએ, કેન્દ્ર સરકારે માત્ર નેશનલ માઈનોરીટીઝ કમિશનની ભલામણ પર જ આધાર ન રાખતા ધાર્મિક સ્થિતિને પણ ધ્યાનમાં જ રાખવી જોઈએ. આંકડાકિય સ્થીતિ એ એક માત્ર માપદંડ હોઈ શકે નહિ. લઘુમતીમાં પણ બહુમતી લોકો ઉદ્યોગપતિ, ધંધાર્થી અને વ્યવસાય કરતા તેમજ મિલ્કત ધારકો છે જ, તેમનો માઈનોરીટી કમીશન એકટ મુજબ સમાવેશ કરવો કે તેમને રક્ષણ આપવું જરૂરી નથી. ભારતના બંધારણની કલમ-૨૫ થી ૩૦ માં લઘુમતીને રક્ષણ આપવા માટેની જોગવાઈઓ કરેલ છે, તે તેના ધાર્મિક અને ભાષાકિય હક્કો ઉપર તરાપ સામાન છે.

> બંધારણે આપેલ લઘુમતીના હિતોના રક્ષણનો અધિકાર કલમ-૨૯ ની સમજુતી નાગરિકોને ભાષાકિય વારસો જાળવવાના હક્કમાં આંદોલન કરવું એ બંધારણની કલમ-૧૨૩(૩) ના ભંગ સમાન નથી.

ધર્મ કે ભાષા ઉપર આધારિત તમામ લઘુમતીઓને પોતાની પસંદગીની શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવાનો અને વહીવટ કરવાનો હક્ક છે. આવી સંસ્થાઓને મળતા દાન, ભેટ સામે રાજય ભેદભાવ રાખી શકે નહિ.

ભારતના બંધારણની કલમ-૩૦ મુજબ ધાર્મિક રીતે કે ભાષાકિય રીતે લઘુમતીને તેમની પસંદગીની સંસ્થાઓ સ્થાપવાનો તથા તેનો વહીવટ કરવાનો હક્ક, અધિકાર છે. ભાષા, લીપી અને સંસ્કૃતિ જાળવવાનો હક્ક છે. કલમ-૨૯(૧) માત્ર લઘુમતી જ નહિ પણ બહુમતી સમાજને પણ લાગુ પડે છે. સંવિધાનમાં લઘુમતી શબ્દની કોઈ જ વ્યાખ્યા કરવામાં આવેલ નથી, પરંતુ જે કોમની વસ્તી, સંખ્યાત્મક દ્રષ્ટીએ ૫૦ ટકા કરતા ઓછી હોય તેને લઘુમતી કોમ ગણવી જોઈએ. લઘુમતીની બાબતમાં વધારે સ્પષ્ટતા કરતા સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું છે કે, વ્યકિતગત કે સામુહિક લઘુમતી કાયદાના સંદર્ભમાં જ નક્કી કરવાની રહેશે એટલે કે આ અંગેનો કાયદો સંસદ દ્વારા ઘડવામાં આવ્યો હોય તો સમગ્ર દેશની કુલ વસ્તીનો માપદંડ ધ્યાનમાં લેવાનો રહે છે અને રાજય દ્વારા ઘડાયેલ કાયદાના કિસ્સામાં રાજયની વસ્તીનો માપદંડ લઈ શકાશે. આ બાબતને ધ્યાનમાં લેતા પંજાબ અને જમ્મુ કાશ્મીરમાં હિન્દુઓ લઘુમતીમાં ગણવામાં આવ્યા છે, પરંતુ કર્ણાટકમાં કન્નડ ભાષા શાળાઓમાં ભણાવતા સરકારી હુકમને બંધારણની કલમ-૨૯ તથા ૩૦ ના ભંગ સમાન ગણી રદ કરવામાં આવ્યો હતો, પરંતુ કન્નડ ભાષાને મરજીયાત રીતે અન્ય ભાષા સાથે ભણાવવા માટે અદાલતે માન્યતા આપેલ. બંધારણની કલમ-૩૦(૧) મુજબ સંસ્થાના વહિવટને સરકાર દ્વારા બહારથી હસ્તક્ષેપ ઉપર નિયંત્રણ મુકવામાં આવેલ છે, જયારે સ્થાપકોની ઈચ્છા મુજબ આવી સંસ્થાના નિયમો ઘડી તેનું પાલન કરાવી શકે છે. સંચાલકોની કોઈપણ બાબતનો અધિકાર સંસ્થા પાસેથી લઈને સરકાર અન્યને સોંપી શકતી નથી. જે નિયમો તથા બંધારણની કલમનો લાભ જે.એન.એલ.યુ. જેવી સંસ્થાઓ વારંવાર લઈ સરકારના નિયંત્રણને તાબે થતી નથી.

બંધારણની કલમ-૩૦ મુજબ લઘુમતીઓને ધર્મ કે ભાષાઓ આધારિત પોતાની પસંદગીની શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપના અને વહિવટ કરવાનો હક્ક છે. તેમાં સહાયક અનુદાન આપતી વખતે રાજય તેમની સામે ભેદભાવ રાખી શકે નહી. તેથી સંસ્થાનો વહિવટ બહારીય હસ્તક્ષેપથી મુક્ત રાખવાનો સ્થાપકોને તેની ઈચ્છા અનુસાર સંસ્થા ચલાવવાની છૂટ આપવામાં આવી છે. તેમજ આવી સંસ્થાનો વહિવટ સરકાર સંચાલકો પાસેથી લઈ અન્ય કોઈને શોંપી શકે નહી, પરંતુ તેમના બનાવેલા નિયમોમાં સુધારા-વધારા સરકાર કરી શકે છે. સંસ્થાનો યુનિફોર્મ, સંસ્થાના સંચાલકો નક્કી કરેલ તે મુજબનો હોવો જોઈએ. તેમાં ધર્મ, સમાજ, કે સંસ્કૃતિનું ચલણ હોવું જોઈએ નહી, પરંતુ દરેક ને સમાન નિયમ લાગુ પડતો હોવો જોઈએ. તાજેતરમાં સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું છે કે લઘુમતી સંસ્થા કે જે રાજયની સહાય વિના ચાલતી હોય તેમાં રાજય કોઈ હસ્તક્ષેપ કરી શકે નહિ સિવાય કે આ નિયમ શિક્ષણનાં સ્તરમાં સુધારો કરવા પૂરતું મર્યાદિત હોય. જમ્મુ-કાશ્મિરમાં હિન્દુઓ લઘુમતીમાં ગણાય છે.

મો. ૯૮૨૫૪૫૦૧૯૧,
info@trivediassociates.in